GJVD020162462022

| | |
|---|---|
| કેસ દાખલ કર્યા તા. | ૧૬/૦૬/૨૦૨૧ |
| કેસ રજી. લીધા તા. | ૧૬/૦૬/૨૦૨૧ |
| ઠરાવ જાહેર કર્યા તા. | ૧૩/૦૮/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૦૫ ૦૧ ૨૮ |

---

**મે. ૧૧ મા એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટેટશ્રી ની અદાલત સમક્ષ મુ. વડોદરા.**

---

**ફોજદારી કેસ નં.૧૨૬૨૮/૨૦૨૨**
**આંક-૭૧**

ફરીયાદી:- સરકારશ્રી

વિરૂધ્ધ

આરોપી :- જનાર્દન દયાશંકર ત્રીવેદી, ઉ.વ.૬૦
રહે.૬૫, ઉધના મુફતનગર ઉધના સુરત.
મુળ રહે. R /૮ ભૂષન ભવન હલવ પુલ,
કુરલા, (W )મુંબઇ

ગુનો:- ઇ.પી.કો. કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ), ૪૨૭ તથા એમ.વી. એકટની કલમ- ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ.

---

ફરીયાદપક્ષે: વિ.એ.પી.પી.શ્રી સી.એમ.મકવાણા
આરોપીપક્ષે: વિ.વ. શ્રી પી.પી. તિવારી

---

**-:: ચુકાદો ::-**

(૧) આ કામે ફરીયાદપક્ષ ના કેસની ટુંક માં હકીકત એવી છે કે,તા. ૨૦/૧૧/૨૦૨૧ ના રોજ બપોરના બારેક વાગ્યેના અરસામા ફરીયાદીનો નાનો દિકરો શિવમ ઉવ-૬ નો તથા ફરીયાદીના પિતા ઠાકોરભાઈ ખોડાભાઈ પાટણવાડીયા તેમની ઉપરોકત હિરો કંપનીની

મેસ્ટ્રો સ્કૂટી નં–GJ06-HB-8481 ની લઈને શિનોર તાલુકાના મિઢોળગામે ફરીયાદીના બહેન અરૂણાબેનના ઘરે મહેમાન તરીકે ગયેલ હતા અને તા.૨૧/૧૧/૨૦૨૧ ના રોજ પરત ઘરે આવવાના હતા અને તા.૨૧/૧૧/૨૦૨૧ ના સવારના કલાક ૧૦/૦૦ વાગ્યાના અરસામા ફરીયાદી તેમના ઘરે હતા તે વખતે કોઈ રાહદારીનો ફરીયાદીના ફોન પર ફોન આવેલ અને જણાવેલ કે મેસ્ટ્રો સ્કૂટી નં.GJ-06-HB-8481 પર ચાલક એક કાકા અને એક નાનો છોકરો તમારા શુ થાય છે? જેથી ફરીયાદીએ તે રાહદારીને જણાવેલ કે મારા પિતા ઠાકોરભાઈ ખોડાભાઈ પાટણવાડીયા અને મારો દિકરો શિવમ થાય છે તેવુ કહેતા રાહદારીએ ફરીયાદી ને જવાવેલ કે થોડીવાર પહેલા તમારા પિતા ઠાકોરભાઇ અને દિકરો શિવમ તેમની મેસ્ટ્રો સ્કૂટી નં.GJ-06-HB-8481 ની લઈને નેશનઇ હાઈવે નં–૪૮ સુરત થી અમદાવાદ તરફ જતા રોડ જામ્બુવા નદી બ્રીજ પરથી પસાર થતા હતા તે વખતે તેમની પાછળ આવી રહેલ એક ટાટા ટ્રક નં.MH-04-GF-3699 ના ચાલકે તેની ટ્રકને પુર ઝડપે ગફલત ભરી રીતે બેફીકરાઈથી હંકારી લાવી તમારા પિતાની ગેસ્ટ્રો સ્કૂટીને પાછળથી અથાડી એકસીડન્ટ કરતા તમારા પિતા અને દિકરાને વાગી ઈજા થયેલ છે જેથી તમો જલદી આવી તેવુ જણાવતા ફરીયાદી સીધા એકસીડન્ટવાળી જગ્યાએ ગયેલ અને જઈને જોયેલ તો ફરીયાદીના પિતાને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજા થયેલાની અને ફરીયાદીના દિકરા શિવમને માથામા પાછળના ભાગે ગંભીર ઈજા થયેલાનું જોયેલ અને ૧૦૮ એમ્બુલન્સ આવી જતા ૧૦૮ ના કર્મચારીએ ફરીયાદીના પિતાને ચેક કરતા મરણ પામેલાનું જાહેર કરેલ અને ફરીયાદીના દિકરા શિવમને સારવાર માટે એસ.એસ.જી હોસ્પિટલે લઈ ગયેલ અને આ એકસીડન્ટમા મેસ્ટ્રો સ્કૂટીને નુકસાન થયેલ હોય અને એકસીડન્ટ કરનાર ટાટા ટ્રક નં.MH-04-GF-3699 નો ચાલક એકસીડન્ટ કરી તેનો ટ્રક સ્થળ પર જ મુકીને નાસી ગયેલ. તે બાબતે ફરીયાદી એ પોલીસ ફરીયાદ કરતા બાપોદ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૬૦૧૬૨૧૧૪૦૭/૨૦૨૧ થી રજીસ્ટરે નોંધી તથા તપાસ કરનાર અમલદારે તપાસ હાથ ધરી લાગતા વળગતા સાહેદો ના નિવેદનો નોંધી

પુરતી તપાસ ના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતાં ઇ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ), ૪૨૭ તથા એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ ના ગુન્હા નુ ચાર્જશીટ કરેલ છે.

(૨) ત્યારબાદ આરોપીને પ્રોસેસ ઇસ્યુ કરતાં આરોપી તેમના વિ. વ. શ્રી સાથે હાજર થતાં આરોપી ને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સ ની નકલો પુરી પાડી આંક–૦૫ થી પ્લી રેકર્ડ કરતાં આરોપીએ ગુનો કબુલ હોવાનો ઈન્કાર કરતા આગળ ની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**–:: મૌખિક પુરાવા ::–**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી રસીકભાઇ ઠાકોરભાઇ પાટણવાડીયા | ૧૯ |
| ૨ | પંચ દિલીપભાઈ રમેશભાઈ ઠાકોર | ૨૧ |
| ૩ | પંચ વિનુભાઇ છગનભાઇ પટેલ | ૩૨ |
| ૪ | પંચ અમીતભાઈ ભીખાભાઈ સોલંકી | ૩૩ |
| ૫ | સાહેદ સંજયભાઇ જયંતિભાઇ ઠાકોર | ૪૩ |
| ૬ | સાહેદ મુકેશભાઇ મોતીભાઇ પાટણવાડીયા | ૪૪ |
| ૭ | ત.ક.અ. પ્રિયંકા જશુભાઈ જૈન | ૬૫ |

**–:: દસ્તાવેજી પુરાવા ::–**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૨૦ |
| ૨ | ઠાકોરભાઇ ખોડાભાઇ પાટણવાડીયાનુ મરણોત્તર ફોર્મ (ઇન્કવેસ્ટ પંચનામું) | ૨૨ |
| ૩ | શિવમ રસીકભાઇ પાટણવાડીયાનુ મરણોત્તર ફોર્મ (ઇન્કવેસ્ટ પંચનામું) | ૨૩ |
| ૪ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૩૪ |

(૪) ઉપરોકત પુરાવા રજુ થયા બાદ ફરીયાદપક્ષ તરફે પુરાવો પુર્ણ થયાનુ જાહેર કરેલ છે. ત્યારબાદ આ કામે આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ નું નિવેદન નોંધવામા આવેલ છે જેમા તેઓએ ફરીયાદપક્ષનો પુરાવો નકારી વિશેષમા જણાવેલ છે કે, કહેવાતો કોઇ ગુનો કરેલ નથી, ખોટી ફરીયાદ કરી ખોટુ ચાર્જશીટ કરી ખોટી રીતે સંડોવી દીધેલ છે નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૫) ત્યારબાદ આ કામે વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક દલીલો સાંભળી તથા આ કામનો પુરાવો તથા રેકર્ડ વંચાણે લીધું.

(૫.૧) બચાવપક્ષના વિ.વ.શ્રી એ આંક–૬૯ થી લેખિત દલીલો રજુ કરેલ છે જે વંચાણે લેવામાં આવેલ છે.

(૬) આ કામે સદર કેસના ન્યાયિક નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–:: મુદાઓ ::–</u>**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૧/૧૧/૨૦૨૧ ના રોજ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે વડોદરા નેશનલ હાઇવે નં.૪૮ સુરતથી અમદાવાદ જતા રોડ જામ્બુવા નદી બ્રીજ ઉપર પોતાની ટાટા ટ્રક નં.MH-04-GF-3699 પુરઝડપે ગફલતભરી રીતે બેદરકારી થી ચલાવીને ફરીયાદીના પિતા ઠાકોરભાઇ તથા ફરીયાદીના પુત્ર શિવમ નાઓ મેસ્ટ્રો સ્કુટી ગાડી નં.GJ-06-HB-8481 ઉપર જતા હોય તેઓની મેસ્ટ્રો સ્કુટીને પાછળથી અથાડી એકસીડન્ટ કરી ફરીયાદીના પિતા ઠાકોરભાઇ તથા ફરીયાદીના પુત્ર શિવમને માથામાં ગંભીર ઇજાઓ પહોંચાડી મૃત્યુ નિપજાવી નાસી જઇ ઇ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ), ૪૨૭ તથા એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ નો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબો કારણો સહિત નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ નકાર માં,

મુદ્દા નં.ર આખરી હુકમ મુજબ.

**<u>-: કારણો :-</u>**

**<u>મુદા નં.૧</u>**

(૮) હાલના ગુનાના કામે પુરાવાનુ મુલ્યાંકન કરતા પહેલા હાલનો ગુનો ઇ.પી.કો. કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ), ૪૨૭ તથા એમ.વી. એકટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪ નીચે નોંધાયેલ છે જેથી તેની સૌપ્રથમ વ્યાખ્યા જોઇએ તો...

<u>IPC SECTION:-279</u>

Rash driving or riding on a public way.—Whoever drives any vehicle, or rides, on any public way in a manner so rash or negligent as to endanger human life, or to be likely to cause hurt or injury to any other person, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to one thousand rupees, or with both.

<u>IPC SECTION 337</u>

Causing hurt by act endangering life or personal safety of others.—Whoever causes hurt to any person by doing any act so rashly or negligently as to endanger human life, or the personal safety of others, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to five hundred rupees, or with both.

<u>IPC SECTION 338</u>

Causing grievous hurt by act endangering life or personal safety of others.—Whoever causes grievous hurt to any person by doing any act so rashly or negligently as to endanger human life, or the personal safety of others, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine which may extend to one thousand rupees, or with both.

<u>IPC SECTION 304 A.</u>

Causing death by negligence.—Whoever causes the death of any person by doing any rash or negligent act not amounting to culpable homicide, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both.

IPC SECTION 427

Mischief causing damage to the amount of fifty rupees.—Whoever commits mischief and thereby causes loss or damage to the amount of fifty rupees or upwards, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both.

M.V. ACT SECTION 177

General provision for punishment of offences.—Whoever contravenes any provision of this Act or of any rule, regulation or notification made thereunder shall, if no penalty is provided for the offence be punishable for the first offence with fine which may extend to one hundred rupees, and for any second or subsequent offence with fine which may extend to three hundred rupees.

M.V. ACT SECTION 184

Driving dangerously.—Whoever, drives a motor vehicle at a speed or in a manner which is dangerous to the public, having regard to all the circumstances of case including the nature, condition and use of the place where the vehicle is driven and the amount of traffic which actually is at the time or which might reasonably be expected to be in the place, shall be punishable for the first offence with imprisonment for a term which may extend to six months, or with fine which may extend to one thousand rupees, and for any second or subsequent offence if committed within three years of the commission of a previous similar offence with imprisonment for a term which may extend to two years, or with fine which may extend to two thousand rupees, or with both.

M.V. ACT SECTION 134

Duty of driver in case of accident and injury to a person.—When any person is injured or any property of a third party is damaged, as a result of an accident in which a motor vehicle is involved, the driver of the vehicle or other person in charge of the vehicle shall—

(a) unless it is not practicable to do so on account of mob fury or any other reason beyond his control, take all reasonable steps to secure medical attention for the injured person,[by conveying him to the nearest

medical practitioner or hospital, and it shall be the duty of every registered medical practitioner or the doctor on the duty in the hospital immediately to attend to the injured person and render medical aid or treatment without waiting for any procedural formalities], unless the injured person or his guardian, in case he is a minor, desires otherwise;

(b) give on demand by a police officer any information required by him, or, if no police officer is present, report the circumstances of the occurrence, including the circumstances, if any, for not taking reasonable steps to secure medical attention as required under clause (a), at the nearest police station as soon as possible, and in any case within twenty-four hours of the occurrence.

(c) give the following information in writing to the insurer, who has issued the certificates of insurance, about the occurrence of the accident, namely:—

(i) insurance policy number and period of its validity;

(ii) date, time and place of accident;

(iii) particulars of the persons injured or killed in the accident;

(iv) name of the driver and the particulars of his driving licence.

Explanation.—For the purposes of this section the expression “driver” includes the owner of the vehicle.]

(૯) આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.૧ તરીકે ફરીયાદી રસીકભાઈ ઠાકોરભાઇ પાટણવાડીયા ને આંક-૧૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે આ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ તા. ૨૧-૧૧-૨૦૨૧ ના રોજ સવાર ના ૯-૦૦ થી ૯-૩૦ ના અરસામા જામ્બુવા બ્રીજ પાસે બનેલ. બનાવ વખતે તેઓ મારેઠા ગામે તેમના ઘરે હતા તે વખતે એક ઓટો રીક્ષા ચાલકે તેમને મોબાઇલ ફોન થી જાણ કરેલ કે, તેમના પિતા તથા તેમના દિકરાને અકસ્માત થયેલ છે. તેમના પિતા સ્થળ ઉપર ગુજરી ગયેલ છે. તેમના દિકરા શિવમકુમાર ને વાગેલ છે. જેથી તેઓ સ્થળ ઉપર પહોંચેલ જ્યા તેમના પિતાજી ઠાકોરભાઈ રોડની

બાજુમા મૃત હાલત મા પડેલ હતા. તેમને માથાના પાછળ ના ભાગે ઈજા થયેલ હતી. સ્થળ ઉપર થી તેમને જાણવા મળેલ કે, તેમના દિકરા શિવમ ને એમ્બ્યુલન્સમા બેસાડી સારવાર માટે એસ એસ જી હોસ્પીટલમા લઈ ગયેલ છે. ત્યારબાદ તેઓ મકરપુરા પોલીસ સ્ટેશને ગયેલ જયા તેઓએ ફરીયાદ લખાવેલ ફરીયાદ મા તેઓએ સહી કરેલ. ફરીયાદ જોઈને કહે છે કે તેમા તેમની સહી છે જે રજુ દાખલ આંક-૨૦ થી આપવામા આવેલ છે. સ્થળ ઉપર એક આઈસર છ પૈડા વાળી ટ્રક અમદાવાદ તરફ જતા રસ્તા ના મોઢે ઉભેલ હતી. સ્થળ ઉપર મેસ્ટ્રો સ્કુટી નંબર જી જે ૦૬ એચ બી ૮૪૮૧ પુલ ઉપર રોડ ની ડાબી બાજુએ આડુ પડેલુ હતુ. આ સ્કુટી આગળ ના ભાગે નુકશાન થયેલ હતુ. આ સ્કુટી થી આશરે દસેક ફુટ આગળ આઈસર ટ્રક ઉભેલ હતી. આ આઈસર ટ્રક નો નંબર એમ એચ ૦૪જી એફ ૩૬૯૯ હતો તે તેઓએ જોયેલ. ફરીયાદ આપ્યા બાદ તેઓ એસ એસ જી હોસ્પીટલ ગયેલ જયા તેમનો દિકરો શિવમ સારવાર મા હતો તે જ દિવસે સારવાર દરમ્યાન સાંજના ૪-૦૦ વાગે તેમનો દિકરો મરણ ગયેલ. અકસ્માત કરનાર ટ્રક નો ચાલક જાતે હાજર થયેલા નુ તેઓએ જાણેલ. તેમને આ ટ્રક ચાલક ને મળવાનુ થયેલ નથી. તેઓએ સ્થળ ઉપર વાતો વાત થી જાણેલ કે, તેમના પિતાજી તથા તેમનો દિકરો સ્કુટી ઉપર આવતા હતા ત્યારે ટ્રક ચાલકે સ્કુટીને પાછળ થી ટકકર મારતા આ બનાવ બનેલ. ફરીયાદ આપ્યા બાદ પોલીસ ને લઈ તેઓ બનાવ સ્થળે આવેલ અને જગ્યા બતાવેલ. પોલીસે બનાવ સ્થળ નુ પંચનામું કરેલ તે વખતે તેઓ હાજર હતા.

(૯.૧) સદર સાહેદ ની બચાવપક્ષ ના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ લેવામાં આવેલ જેમા તેઓએ જણાવેલ છે કે, તેમને વાંચતા લખતા આવડતુ નથી. તેઓએ એ વાતનો સ્વીકાર કરી જણાવેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી. તેઓએ એ વાતનો સ્વીકાર કરી જણાવેલ છે કે, તેઓ ફરીયાદ લખાવતા હોય અને પોલીસ લખતી હોય તેવુ બનેલ નથી.

(૧૦) આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.ર તરીકે પંચ દિલીપભાઇ રમેશભાઈ ઠાકોર ને આંક–૨૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે આ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ તા.૨૧–૧૧–૨૦૨૧ નુ ઈન્કવેસ્ટ પંચનામુ જોઈને કહે છે કે, તેમા પંચ તરીકે તેમની સહી છે. તેમના મિત્ર રસીકભાઈ ના પિતા નુ વાહન અકસ્માત મા મૃત્યુ થયા ના સમાચાર મળતા તેઓ બનાવ સ્થળ ઉપર ગયેલ. જયા રસીકભાઈ ના પિતા ઠાકોર ભાઈ ઉંધા માથે મરણ ગયેલ હાલતમા પડેલ હતા. ત્યારબાદ તેઓ એસ એસ જી હોસ્પીટલમા ગયેલ. જયા રસીકભાઈ ના પુત્ર શિવમ પણ સારવાર દરમ્યાન મરણ ગયેલ ત્યારબાદ રસીકભાઈ ના પિતા ઠાકોર તથા પુત્ર શિવમ ની લાશ નુ પોલીસે તેમની હાજરીમા ઈન્કવેસ્ટ પંચનામુ કરેલ. બન્ને અલગ અલગ પંચનામા કરેલ જે જોઈને કહે છે કે, તેમા પંચ નંબર ૨ તરીકે તેમની સહી છે જે રજુ દાખલ આંક–૨૨ તથા આંક–૨૩ આપવામા આવેલ છે.

(૧૦.૧) સદર સાહેદ ની બચાવપક્ષ ના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ લેવામાં આવેલ જેમા તેઓએ એ વાતનો સ્વીકાર કરી જણાવેલ છે કે, બન્ને પંચનામા મા તેઓએ મકરપુરા પોલીસ સ્ટેશન મા સહી કરેલ. આ સિવાય બચાવપક્ષની અન્ય તમામ હકીકતોને નકારી કાઢેલ છે.

(૧૧) આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.૩ તરીકે પંચ વિનુભાઇ છગનભાઇ પટેલ ને આંક–૩ર થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે આ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે, તા.૨૧–૧૧–૨૦૨૧ ના કુલ બે પંચનામા આંક– ૨૨ તથા આંક ૨૩ જોઈને કહે છે કે, તેમા પંચ તરીકે તેમની સહી છે. આશરે ત્રણેક વર્ષ અગાઉ તેમના ગામના ઠાકોરભાઈ ખોડાભાઈ પાટણવાડીયા તથા શિવમ રસીકભાઇ પાટણવાડીયા વાહન અકસ્માત મા ગુજરી ગયેલા નુ જાણતા તેઓ બાપોદ પોલીસ સ્ટેશને ગયેલ જયા પોલીસે આ પંચનામા મા સહી કરાવેલ. આ સિવાય બીજુ કશુ તેઓ જાણતા નથી.

આ સાહેદ પ્રોસીક્યુશન ના કેસ ને સમર્થન કરતા ના હોઈ વિ. એ.પી.પી.શ્રી એ તેઓને ફરી ગયેલા જાહેર કરી સુચક સવાલ પુછેલ છે છતાં ફરીયાદપક્ષ ના કેસ ને સમર્થન આપેલ નથી.

(૧૧.૧) સદર સાહેદ ની બચાવપક્ષ ના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ લેવામાં આવેલ નથી.

(૧૨) આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.૪ તરીકે પંચ અમીતભાઈ ભીખાભાઈ સોલંકી ને આંક–૩૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે આ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે,તા.૨૧–૧૧–૨૦૨૧ નુ પંચનામું જોઈને કહે છે કે, તેમા પંચ તરીકે તેમની સહી છે. પોલીસે તેમની તૈયાર પંચનામા મા સહી કરાવેલ. આ સિવાય બીજુ કશુ તેઓ જાણતા નથી.

આ સાહેદ પ્રોસીક્યુશન ના કેસ ને સમર્થન કરતા ના હોઈ વિ. એ.પી.પી.શ્રી એ તેઓને ફરી ગયેલા જાહેર કરી સુચક સવાલ પુછેલ છે છતાં ફરીયાદપક્ષ ના કેસ ને સમર્થન આપેલ નથી.

(૧૨.૧) સદર સાહેદ ની બચાવપક્ષ ના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ લેવામાં આવેલ નથી.

(૧૩) આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.૫ તરીકે સાહેદ સંજયભાઈ જયંતિભાઈ ઠાકોર ને આંક–૪૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે આ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ ફરીયાદી રસીકભાઈ પાટણવાડીયા ને ઓળખે છે. તે તેમના ફળીયામા રહે છે. બનાવ ની તારીખ યાદ નથી પરંતુ આશરે ચાર થી પાંચ વર્ષ અગાઉ તેઓ તેમના ઘેર હતા ત્યારે બપોર ના સમયે અડોશી પડોશી થી તેમને જાણવા મળેલ કે, ઠાકોરભાઈ ખોડાભાઈ પાટણવાડીયા તથા તેમના પૌત્ર ને જામ્બુવા પુલ પાસે અકસ્માત થયેલ છે. તેથી તેઓ બીજા બધા માણસો ની સાથે બનાવ સ્થળે ગયેલ ત્યા ઠાકોરભાઈ તથા શિવમ લોહી લુહાણ હાલતમા બેભાન પડેલ હતા. સ્થળ ઉપર એક ટ્રક વડોદરા તરફના મોઢે પડેલ હતી. ટ્રકની આગળ ના ભાગે મેસ્ટ્રો ટુ વ્હીલર નુકશાન ગ્રસ્ત હાલતમાં આડુ પડેલ હતુ. ટ્રક નો નંબર એમ એચ ૦૪ જી

એફ ૩૬૯૯ હતો તે તેઓએ જોયેલ મેસ્ટ્રો ટુ વ્હીલર નો નંબર જી જે ૦૬ એચ બી ૮૪૮૧ હતો. થોડીવાર મા સ્થળ ઉપર ૧૦૮ એમ્બ્યુલન્સ આવેલ તેમા ઠાકોરભાઈ તથા શિવમને મુકી દવાખાને લઈ ગયેલ. ત્યારબાદ તેઓ તેમના ઘરે પરત આવેલ તે દિવસે તેમને જાણવા મળેલ કે, બન્ને ગુજરી ગયેલ છે. અકસ્માત કરનાર ટ્રક ના ચાલક વિશે તેઓ કઇ જાણતા નથી. આ બનાવ ની ઠાકોરભાઈ ના દિકરા રસીકભાઈ એ ફરીયાદ કરેલી. પોલીસે તેમનો જવાબ લીધેલો.

(૧૩.૧) સદર સાહેદ ની બચાવપક્ષ ના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ લેવામાં આવેલ જેમા તેઓએ એ વાતનો સ્વીકાર કરી જણાવેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી.

(૧૪) આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.૬ તરીકે મુકેશભાઇ મોતીભાઇ પાટણવાડીયા ને આંક-૪૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે આ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે,તેઓ ફરીયાદી રસીકભાઇ પાટણવાડીયા ને ઓળખે છે તે તેઓના ફળીયામા રહે છે. બનાવ ની તારીખ યાદ નથી પરંતુ આશરે ચાર થી પાંચ વર્ષ અગાઉ તેઓ તેમના ઘરે હતા ત્યારે સવાર ના ૯-૩૦ કલાકે અડોશી પડોશી થી તેમને જાણવા મળેલ કે,ઠાકોરભાઈ ખોડાભાઈ પાટણવાડીયા તથા તેમના પૌત્ર ને જામ્બુવા પુલ પાસે અકસ્માત થયેલ છે. તેથી તેઓ બીજા બધા માણસો ની સાથે બનાવ સ્થળે ગયેલ ત્યા ઠાકોરભાઇ તથા શિવમ લોહી લુહાણ હાલતમા બેભાન પડેલ હતા. સ્થળ ઉપર એક ટ્રક વડોદરા તરફના મોઢે પડેલ હતી. ટ્રકની પાછળ ના ભાગે એકટીવા મેસ્ટ્રો ટુ વ્હીલર નુકશાન ગ્રસ્ત હાલતમાં આડુ પડેલ હતુ. ટ્રક નો નંબર તેઓએ જોયેલ નહી, ટુ વ્હીલર એકટીવા મેસ્ટ્રો નો નંબર જી જે ૦૬ એચ બી ૮૪૮૧ હતો. થોડીવાર મા સ્થળ ઉપર ૧૦૮ એમ્બ્યુલન્સ આવેલ તેમા ઠાકોરભાઇ તથા શિવમને મુકી દવાખાને લઇ ગયેલ. ત્યારબાદ તેઓ તેમના ઘરે પરત આવેલ તે દિવસે તેમને જાણવા મળેલ કે, બન્ને ગુજરી ગયેલ છે. અકસ્માત કરનાર ટ્રક ના ચાલક વિશે તેઓ

કઈ જાણતા નથી. આ બનાવ ની ઠાકોરભાઈ ના દિકરા રસીકભાઈ એ ફરીયાદ કરેલી. પોલીસે તેમનો જવાબ લીધેલો.

(૧૪.૧) સદર સાહેદ ની બચાવપક્ષ ના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ લેવામાં આવેલ જેમા તેઓએ એ વાતનો સ્વીકાર કરી જણાવેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી.

(૧૫) આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.૭ તરીકે ત.ક.અ. પ્રિયંકા જશુભાઇ જૈન ને આંક–૬૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે આ સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે,તા.૨૧/૧૧/૨૦૨૧ ના રોજ તેમની નોકરી એ.એસ.આઇ તરીકે મકરપુરા પો.સ્ટે. વડોદરા ખાતે હતી. આ દિવસે તેમના પો.ઈ. એચ.એમ. પાન્ડોર સામે રૂબરૂની ફરીયાદ હકીકત તેમના પોલીસ સ્ટેશનના પીએસઓ વર્ષાબેને ગુન્હા રજી. નં. ૪૦૭ / ૨૦૧૧ ઇપીકો કલમ ૨૭૯, ૩૦૪(અ), ૩૩૭, ૩૩૮, ૪૨૭ તથા એમ.વી. એકટ ની કલમ ૧૭૭,૧૩૪,૧૮૪ મુજબ ગુન્હો નોંધી આગળની તપાસ એચ.એમ.પાન્ડોર સાહેબને સી. આર. પી. સી. ની કલમ ૧૫૭ નો રીપોર્ટ કરી સોંપેલ. સી. આર. પી. સી. ની કલમ ૧૫૭ રીપોર્ટ ને રજુ દાખલ આંક–૬૬ આપવામા આવેલ છે. આ દિવસે તેઓએ તેમના પીએસઆઇ એચ.એમ.પાન્ડોર સાહેબે સદર ગુન્હાની તપાસ સંભાળવા તેઓને એક લેખિત હુકમ કરેલ તે જોઇને કહે છે કે, તેમાં તેમના એ એસ આઇ સાહેબની સહી છે જે તેઓ ઓળખે છે. ત્યારબાદ સદર ગુન્હાની તપાસ તેઓએ સંભાળી લીધેલ. ફરીયાદીની ફરીયાદ હકીકત ધ્યાને લેતા ફરીયાદીએ જણાવેલ કે તેમના પિતા ઠાકોરભાઇ પાટણવાડિયા તથા તેમનો દિકરો શીવમ હિરો કંપની ની મેસ્ટ્રો સ્કુટી નં. જીજે ૦૬ એચ.પી. ૮૪૮૧ લઇને નીકળેલા અને જામ્બુવા બ્રીજ પાસે પસાર થતા હતા ત્યારે પાછળથી આવી રહેલ એક ટ્રક જેનો નંબર એમ. એચ. ૦૪ જી.એફ. ૩૬૯૯ ના ચાલકે તેની ટ્રક ને પુર ઝડપે ગફલતભરી રીતે હંકારી પાછળથી અકસ્માત કરેલ જે અકસ્માતમાં ફરીયાદીના પિતા બનાવ સ્થળે મરણ પામેલ અને તેમના દિકરા ને ગંભીર

ઈજાઓ થયેલી જેવી ફરીયાદ વંચાણે લઈ તપાસ શરુ કરેલ. તપાસ દરમ્યાન ગુન્હા વાળી જગ્યાનું બે પંચો રૂબરૂ પંચનામુ કરેલ આંક ૩૪ વાળુ પંચનામુ જોઈને કહે છે કે આ પંચનામુ બે પંચો રૂબરૂ કરેલુ તે જ પંચનામુ છે. આંક–૨૨ અને ૨૩ વાળુ પંચનામું જોઈને કહે છે કે આ પંચનામુ છે મરણ જનાર નું પંચનામુ બે પંચો રૂબરૂ કરેલ તે જ પંચનામુ છે તપાસ દરમ્યાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ. દરમ્યાન અકસ્માતમાં જે ટ્રક વડે અકસ્માત થયેલ તે ટ્રકના યાંત્રીક પરીક્ષણ કરાવેલ. ટ્રક કોની માલિકીનું છે તેના આર. ટી. ઓ. કચેરીમાંથી પેપર્સ કબજે કરેલ. તપાસ દરમ્યાન આરોપીનુ ડ્રાઈવિંગ લાઇસન્સ કબજે લીધેલ. તપાસ દરમ્યાન આરોપીની અટક કરેલી આરોપીને પોલીસ સ્ટેશનથી જામીન ઉપર મુકત કરેલ આરોપી વિરુદ્ધ પુરતા પુરાવા મળી આવતા નામદાર કોર્ટ માં ચાર્જશીટ કરેલ. આરોપીને તેઓ ઓળખે છે જે નામદાર કોર્ટમાં હાજર ન હોવાનુ જણાવેલ છે.

(૧૫.૧) સદર સાહેદ ની બચાવપક્ષ ના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ લેવામાં આવેલ જેમા તેઓએ એ વાતનો સ્વીકાર કરી જણાવેલ છે કે તપાસ દરમ્યાન અકસ્માત થયેલ વાહનનું પંચનામુ કરેલ નથી. તેઓએ એ વાતનો સ્વીકાર કરી જણાવેલ છે કે નજરે જોનાર તથા સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. આ સિવાય બચાવપક્ષની અન્ય તમામ હકીકતોને નકારી કાઢેલ છે.

(૧૬) ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે. આ કામે ફરીયાદપક્ષના કેસ મુજબ આ કામના આરોપીએ તા.૨૧/૧૧/૨૦૨૧ ના રોજ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે વડોદરા નેશનલ હાઈવે નં.૪૮ સુરતથી અમદાવાદ જતા રોડ જામ્બુવા નદી બ્રીજ ઉપર પોતાની ટાટા ટ્રક નં.MH-04-GF-3699 પુરઝડપે ગફલતભરી રીતે બેદરકારી થી ચલાવીને ફરીયાદીના પિતા ઠાકોરભાઈ તથા ફરીયાદીના પુત્ર શિવમ નાઓ મેસ્ટ્રો સ્કુટી ગાડી નં. GJ-06-HB-8481 ઉપર જતા હોય તેઓની મેસ્ટ્રો સ્કુટીને પાછળથી અથાડી એકસીડન્ટ કરી ફરીયાદીના પિતા ઠાકોરભાઈ

તથા ફરીયાદીના પુત્ર શિવમને માથામાં ગંભીર ઈજાઓ પહોંચાડી મૃત્યુ નિપજાવી નાસી ગયેલા ના આક્ષેપ છે તે અનુસંધાને સાહેદ નં.૧ તરીકે આંક–૧૯ થી તપાસેલ સાહેદ કે જેઓ આ કામના ફરીયાદી છે તેઓનો પુરાવો જોતા બનાવ તા.૨૧/૧૧/૨૦૨૧ ના રોજ સવારના ૯–૦૦ થી ૯–૩૦ ના અરસામા જામ્બુવા બ્રીજ પાસે બનેલ તે વખતે તેઓ મારેઠા ગામે હતા અને એક ઓટો રીક્ષા ચાલકે મોબાઈલથી તેમના પિતા અને દિકરા નો અકસ્માત થયેલાની અને તેમના પિતા સ્થળ પર ગુજરી ગયેલાનુ અને તેમના દિકરા શિવમ ને વાગેલાનુ જણાવતા ફરીયાદી સ્થળ પર પહોંચેલ જયા તેમના પિતા મૃત હાલતમા પડેલ હતા અને તેમના દિકરા શિવમને એમ્બ્યુલન્સમા બેસાડી સારવાર માટે એસ.એસ.જી હોસ્પીટલમા લઈ ગયેલાનુ અને તેઓએ મકરપુરા પોલીસ સ્ટેશનમા ફરીયાદ આપેલાનુ જણાવેલ છે. વધુમા તેઓએ જણાવેલ છે કે સ્થળ ઉપર મેસ્ટ્રો સ્કુટી નંબર જીજે ૦૬ એચબી ૮૪૮૧ પુલ ઉપર રોડની ડાબી બાજુએ આડુ પડેલ અને સ્કુટીથી દસેક ફુટ આગળ આઈસર ટ્રક ઉભેલ હતી જેનો નં.એમ એચ ૦૪ જી એફ ૩૬૯૯ હતો અને તે જ દિવસે તેમનો દિકરો મરણ ગયેલાનુ તથા તેમને આ ટ્રક ચાલક ને મળવાનુ થયેલ ન હોવાનુ તથા તેમના પિતાજી અને દિકરો સ્કુટી ઉપર આવતા હતા ત્યારે ટ્રક ચાલકે પાછળથી ટકકર મારતા આ બનાવ બનેલાનુ તેઓએ વાતોવાતથી જાણેલાનુ જણાવેલ છે તેમજ બચાવપક્ષની ઉલટતપાસમા બનાવ તેઓએ નજરે જોયેલ ન હોવાની હકીકત સ્વીકૃત કરેલ છે. આમ ઉપરોકત ફરીયાદીનો પુરાવો જોતા અકસ્માત વાળો બનાવ ટ્રક નં.એમ એચ ૦૪ જી એફ ૩૬૯૯ ના ચાલક ધ્વારા બનવા પામેલાની અને તે અકસ્માતમા ફરીયાદીના પિતા અને પુત્ર મરણ ગયેલાનુ જણાય છે પરંતુ સદર અકસ્માત વાળો બનાવ ફરીયાદીએ નજરો નજર જોયેલ નથી. તેમજ ફરીયાદીએ તેમની જુબાનીમાં ઉપર જણાવેલ તે રીતે તેઓને ટ્રકના ડ્રાઈવર સાથે મળવાનુ થયેલ ન હોવાથી સદર ફરીયાદીના

પુરાવાથી આરોપી સામે પુરાવો મળી આવતો નથી.

(૧૭) તે જ રીતે આ કામે આંક–૨૨ થી ઠાકોરભાઇ ખોડાભાઇ પાટણવાડીયા નુ મરણોત્તર ફોર્મ /ઈન્કવેસ્ટ પંચનામુ અને આંક–૨૩ થી શિવમ રસીકભાઇ પાટણવાડીયા નું મરણોત્તર ફોર્મ/ઈન્કવેસ્ટ પંચનામુ રજુ થયેલ છે તે પંચનામા ના પંચ નં.૨ દિલીપભાઇ રમેશભાઇ ઠાકોર ને આ કામે સાહેદ નં.૨ તરીકે આંક–૨૧ થી તપાસવામા આવેલ છે તેઓનો પુરાવો જોતા તેઓ તેમના મિત્ર રસીકભાઇ ના પિતાનુ વાહન અકસ્માત મા મૃત્યુ થયા ના સમાચાર મળતા તેઓ બનાવ સ્થળ ઉપર ગયેલ જયા રસીકભાઈના પિતા ઠાકોરભાઇ ઉંધા માથે મરણ હાલતમા પડેલ હતા અને ત્યારબાદ તેઓ એસ.એસ.જી. હોસ્પીટલમા ગયેલ જયા રસીકભાઈના પુત્ર શિવમ પણ સારવાર દરમ્યાન મરણ ગયેલ અને ત્યારબાદ ફરીયાદીના પિતા ઠાકોરભાઇ તથા પુત્ર શિવમ ની લાશનુ પોલીસે તેમની હાજરીમા ઈન્કવેસ્ટ પંચનામુ કરેલ અને તેમા તેમની સહી હોવાનુ જણાવેલ છે તેમજ બચાવપક્ષની ઉલટતપાસમા બંને પંચનામા મા તેઓએ મકરપુરા પોલીસ સ્ટેશનમા સહી કરેલાનુ સ્વીકારેલ છે. તે જ રીતે આ કામે પંચ નં.૧ વિનુભાઇ છગનભાઇ પટેલ ને સાહેદ નં.૩ તરીકે આંક–૩૨ થી તપાસવામા આવેલ છે તેઓએ આંક–૨૨ અને ૨૩ વાળા પંચનામા મા સહી હોવાનુ જણાવી આશરે ત્રણેક વર્ષ અગાઉ તેમના ગામના ઠાકોરભાઇ ખોડાભાઇ પાટણવાડીયા તથા શિવમ રસીકભાઇ પાટણવાડીયા વાહન અકસ્માતમા ગુજરી ગયેલાનુ જાણતા તેઓ બાપોદ પોલીસ સ્ટેશનમા ગયેલ જયા પોલીસે તેમની પંચનામા મા સહી કરાવેલાનુ અને તે સિવાય બીજુ કશુ જાણતા ન હોવાનુ જણાવેલ છે. આમ સદર સાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય તેઓને હોસ્ટાઇલ જાહેર કરવામા આવેલ. આમ ઉપરોકત બંને પંચોનો પુરાવો જોતા તેઓએ ઇન્કવેસ્ટ પંચનામા ની હકીકતોને સમર્થન કરેલ ન હોય જેથી સદર બંને સાહેદના પુરાવાથી ઇન્કવેસ્ટ પંચનામાની હકીકતો સાબિત થતી નથી.

(૧૮) તે જ રીતે આ કામે આંક–૩૪ થી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ રજુ થયેલ છે તે પંચનામા ના પંચ નં.ર અમીતભાઇ ભીખાભાઇ સોલંકી ને આ કામે સાહેદ નં.૪ તરીકે આંક–૩૩ થી તપાસવામા આવેલ છે તે પંચ સાહેદે તા.૨૧/૧૧/૨૦૨૧ ના રોજના પંચનામા પંચ તરીકે સહી હોવાનુ અને પંચનામા વિશે કઈ જાણતા ન હોવાનુ જણાવેલ છે. આમ સદર સાહેદે ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતોને સમર્થન કરેલ ન હોય જેથી સદર ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતો પુરવાર થતી નથી.

(૧૯) તેજ રીતે આ કામે સાહેદ નં.૫ તરીકે આંક–૪૩ થી તથા સાહેદ નં.૬ તરીકે આંક–૪૪ થી તપાસેલ બંને સાહેદો ફરીયાદીના ફળીયામા રહેતા સાહેદો છે તેઓનો પુરાવો જોતા બનાવ આશરે ચાર થી પાંચ વર્ષ અગાઉ તેઓ તેમના ઘરે હતા ત્યારે સવાર ના ૯–૩૦ કલાકે અડોશી પડોશી થી ઠાકોરભાઈ ખોડાભાઈ પાટણવાડીયા તથા તેમના પૌત્ર ને જામ્બુવા પુલ પાસે અકસ્માત થયેલાનુ તેમને જાણવા મળતા તેઓ બનાવ સ્થળે ગયેલ ત્યા ઠાકોરભાઇ તથા શિવમ લોહી લુહાણ હાલતમા બેભાન પડેલાનુ અને સ્થળ ઉપર એક ટ્રક વડોદરા તરફના મોંઢે પડેલ હતી અને ટ્રકની પાછળ ના ભાગે એકટીવા મેસ્ટ્રો ટુ વ્હીલર નુકશાન ગ્રસ્ત હાલતમાં આડુ પડેલ હતુ તથા ટ્રક નો નંબર તેઓએ જોયેલ નહી, ટુ વ્હીલર એકટીવા મેસ્ટ્રો નો નંબર જી જે ૦૬ એચ બી ૮૪૮૧ હતો અને થોડીવાર મા સ્થળ ઉપર ૧૦૮ એમ્બ્યુલન્સ આવેલ તેમા ઠાકોરભાઇ તથા શિવમને મુકી દવાખાને લઇ ગયેલ અને ત્યારબાદ તેઓ તેમના ઘરે પરત આવેલ તે દિવસે તેમને જાણવા મળેલ કે, બન્ને ગુજરી ગયેલ છે. અકસ્માત કરનાર ટ્રક ના ચાલક વિશે તેઓ કઈ જાણતા ન હોવાનુ અને આ બનાવ ની ઠાકોરભાઈ ના દિકરા રસીકભાઈ એ ફરીયાદ કરેલાનો પુરાવો આપેલ છે. આમ સદર બંને સાહેદનો પુરાવો જોતા અકસ્માતની જાણ તેઓને બીજા માણસો ધ્વારા થતા તેઓ બનાવ સ્થળે ગયેલાનુ જણાવેલ છે. તેમજ સદર બંને સાહેદોને ટ્રક ચાલક વિશે કોઇ માહિતી ન હોવાનુ

પણ જણાવેલ છે અને મુખ્યત્વે સદર સાહેદે બનાવ નજરે જોયેલ ન હોવાની હકીકત પણ સ્વીકૃત કરેલ છે. આમ સદર બંને સાહેદના પુરાવાથી આરોપી સામે પુરાવો મળી આવતો નથી.

(૨૦) તે જ રીતે આ કામે સાહેદ નં.૭ તરીકે આંક–૬૫ થી તપાસેલ સાહેદ કે જેઓ આ કામના તપાસ કરનાર અમલદાર છે અને તેઓએ તપાસના કામે કરેલ કાર્યવાહી મુજબનો પુરાવો આપેલ છે અને તપાસ દરમ્યાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી તપાસ દરમ્યાન જે ટ્રક વડે અકસ્માત થયેલ તે ટ્રકના યાંત્રિક પરીક્ષણ કરાવી ટ્રક કોની માલિકીનુ છે તેના આર.ટી.ઓ પેપર્સ અને આરોપીનુ ડ્રાઇવીગ લાયસન્સ કબજે કરી આરોપી વિરૂધ્ધ પૂરતા પુરાવા મળી આવતા ચાર્જશીટ કરેલાનુ જણાવેલ છે તેમજ બચાવપક્ષની ઉલટતપાસમા તપાસ દરમ્યાન અકસ્માત થયેલ વાહનનુ પંચનામુ કરેલ ન હોવાનુ અને નજરે જોનાર તથા સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ ન હોવાનુ સ્વીકારેલ છે. આમ ઉપરોકત તપાસ કરનાર અમલદારનો પુરાવો જોતા તેઓએ અકસ્માત સંડોવાયેલ ટ્રકનો યાંત્રિક પરીક્ષણ કરાવેલાનુ જણાવેલ છે પરંતુ તે લગતનો કોઇ રીપોર્ટ કે અહેવાલ આ કામે રજુ રાખેલ નથી. તેમજ સદર બનાવ જાહેર રસ્તા ઉપર બનેલ છે તેમ છતા આ કામે કોઈ નજરે જોનાર તેમજ સ્વતંત્ર સાહેદોના નિવેદનો રજુ કરેલ નથી. આમ રજુ થયેલ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા જોતા સદર અકસ્માત વાળો બનાવ મેસ્ટ્રો સ્કુટી અને ટ્રક વાહનો વચ્ચે બનવા પામેલાનુ અને તેમા ટ્રક ચાલક ધ્વારા મેસ્ટ્રો સ્કુટી ઉપર સવાર ફરીયાદીના પિતા અને પુત્ર ને પાછળથી અથાડતા તેઓને માથામાં ગંભીર ઈજાઓ થતા તેઓ મૃત્યુ પામેલાની હકીકત ફલિત થાય છે પરંતુ અકસ્માત વાળા બનાવ સમયે અકસ્માત માં સંડોવાયેલ વાહન આ કામના આરોપી ચલાવતા હોય કે ફરીયાદ વાળો અકસ્માત નો બનાવ આરોપી ધ્વારા જ કરવામાં આવેલાનુ તથા આ ગુનો પુરવાર થવા માટે માટેના મહત્વ ના તત્વો જેવા કે બહુજન સમુદાય ની જીદગી ભય માં મુકાય તે

રીતે તથા અન્ય વ્યકિત ને વ્યથા અથવા હાનિ થવાનો સંભવ હોય તે રીતે જાહેર માં પુરઝડપે, બેફામપણે તથા બેદરકારીપુર્વક ડ્રાયવીંગ તથા આરોપીની આક્ષેપિત બનાવ માં સંડોવણી ના આવશ્યક તત્વો પુરવાર થતા ના હોઈ આરોપી ને આક્ષેપિત તહોમત સબબ દોષિત ઠરાવી શકાય તેમ ના હોઈ મુદ્દા નં.૧ નો જવાબ નકાર માં ઠરાવી મુદ્દા નં.ર અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-: હુકમ :-</u>**

(૧) આથી આ કામના આરોપી જનાર્દન દયાશંકર ત્રીવેદી, રહે.૬૫, ઉધના મુફતનગર ઉધના સુરત. મુળ રહે. R /૮ ભૂષન ભવન હલવ પુલ, કુરલા, (W )મુંબઇ ને ઇ.પી.કો. કલમ-૨૭૯, ૩૩૭, ૩૦૪(અ), ૪૨૭ તથા એમ.વી. એકટની કલમ- ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ ના ગુનામાંથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૫(૧)અન્વયે પૂરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૭(એ) મુજબ રૂ.૫૦૦૦/- ના જામીન તથા જાત મુચરકા રજુ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ તારીખ : ૧૩ મી, માહે.ઓગસ્ટ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૦૮/૨૦૨૬

(જયેશકુમાર મુળાજી સોલંકી)
૧૧ મા એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ, વડોદરા
જી.જે.૦૧૧૫૭

એચ.વિ.જાધવ - સ્ટેનો